# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

ભારત સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો રાજયના છેવાડાના માનવી સુધી પાત્રતા ધરાવતા તથા નબળા વર્ગના લાભાર્થીઓને લાભ મળી રહે તે માટે રાજય સરકાર ધ્વારા વિવિધ પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. સદર બાબત ધ્યાન રાખી ભારત સરકાર ધ્વારા જનમાનસ સુધી પ્રજા કલ્યાણકારી યોજનાનો વ્યાપ તમામ નાગરિકો સુધી પહોંચાડવા અને જાગૃતિ ફેલાવવા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ-૩૦ ઇલેકશન વોર્ડમાં વોર્ડ દીઠ-૨ યાત્રા એમ કુલ ૬૦ સ્થળો પર આયોજન કરવામાં આવેલ છે.

આજરોજ સુરત મહાનગરપાલિકાના ઇલેકશન વોર્ડ નં. ૩૦(સચિન,ઉન,આભવા)માં સાઉથ ઝોન-બી(સચિન-કનકપુર) સચિન કોમ્યુનિટી હોલ, સચિન ખાતે માન. મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયાના વરદ્હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

સદર કાર્યક્રમ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિધ્યાર્થીઓ ધ્વારા ઉપસ્થિત મહાનુભવોનું કંકુ તિલક અને ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તથા સુમન શાળાના વિધ્યાર્થીઓ ધ્વારા કૃતિઓ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવો ધ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણીએ જણાવ્યું કે, વિકસીત ભારત સંકલ્પ યાત્રા એટલે આત્મ નિર્ભર ભારત, નારી સશકિતકરણ, સ્ટાર્ટઅપ ભારત, ડિજીટલ ભારત, ખેલો ઇન્ડિયા અને ભારત દેશને વિશ્વગુરૂ બનાવનાર માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નનું ભારત. આદિવાસી સમુદાયના વિધાર્થી માટે રૂ. ૨૨૨૮ કરોડની શિષ્યવૃતિ આપવામાં આવેલ છે. ૩૪ એકલવ્ય મોડેલ આવાસીય શાળા બનાવવામાં આવેલ છે. ગરીબો માટે ૩૮ લાખથી વધુ ઉજ્જવલા ગેસ યોજના હેઠળ કેનેકશનો આપી મહિલાઓના સ્વાસ્થ્યની તકેદારી રાખવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૩ લાખથી વધુ લોકોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવામાં આવેલ, ૯૧ લાખ ઘરો સુધી પાણી પહોંચાડવા નળ કનેકશનો આપવામાં આવ્યા છે. પી.એમ જન આરોગ્ય યોજના હેઠળ ૩.૪ કરોડ કરતા વધારે આયુષ્માન કાર્ડ આપવામાં આવેલ છે. વિશ્વના સૌથી મોટા ડાયમંડ હબ ડાયમંડ બુર્સનું સુરત શહેરમાં આગામી તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્હસ્તે લોકાર્પણ થનાર છે જે આપણા માટે ગૌરવની વાત છે. વધુમાં ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ મેળવવા અનુરોધ કર્યો હતો.

માન. મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત તથા દેશને વિકાસની નવી દિશા વિકાસની આપી. ભારત દેશ ૨૦૪૭માં પૂર્ણ વિકસીત દેશ તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ગ્રામીણ મહિલાઓના સ્વાસ્થ્ય તેમજ પર્યાવરણ પર હાનિકારક અસરોના કારણે ગુજરાતમાં ૨૦૨૨ સુધીમાં ૩૬.૪૧ લાખ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. આયુષ્માન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધી ૧.૯૫ કરોડથી વધુ લાભાર્થીઓને વ્યકિતગત કાર્ડ આપવામાં આવેલ છે. સ્વમાનભેર રાષ્ટ્ર આગળ વધી રહ્યું છે. કાશ્મીર થી કન્યાકુમારી એક ભારત શ્રેષ્ઠ ભારત માનવતાવાદ-ભારતીયવાદ છે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારત બનાવવાનો સંદેશ, સરકારશ્રીની વિવિધ યોજનાઓ તથા સંકલ્પ સંદર્ભેની ડોકયુમેન્ટ્રી પ્રસ્તૃત કરવામાં આવેલ. વધુમાં ઉપસ્થિત તમામ મહાનુભવો અને જાહેરજનતા ધ્વારા ભારત દેશને વિકસિત બનાવવા અને દેશના શ્રેષ્ઠ નાગરિક બનવા માટે શપથ ગ્રહણ કરવામાં આવેલ તથા પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવા માટે ધરતીની વ્યથા નાટક રજુ કરવામાં આવેલ. ત્યારબાદ વિવિધ યોજનાના લાભાર્થીઓને મહાનુભવોના વરદહસ્તે પ્રતિકાત્મક લાભ આપવામાં આવેલ. વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉપસ્થિત મહાનુભવો ધ્વારા ફલેગ ઓફ કરી પ્રસ્થાન કરાવવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોએ સદર કાર્યક્રમના સ્થળે વિવિધ યોજનાના સ્ટોલની મુલાકાત લીધી હતી. સદર કાર્યક્રમ પ્રસંગે સદર ઝોનના અધિકારી-કર્મચારી ધ્વારા કચરાના વર્ગીકરણ સંદર્ભે ઉપસ્થિત નગરજનોને સમજ આપવામાં આવેલ તથા કચરા અલગ-અલગ આપવા સંદર્ભે અપીલ કરવામાં આવેલ.

આ કાર્યક્રમના સ્થળે પીએમ સ્વનિધી યોજના, પીએમ વિશ્વકર્મા યોજના, પીએમ ઉજ્જવલા યોજના, પીએમ મુદ્રાલોન યોજના, સ્ટાર્ટ અપ ઇન્ડીયા, સ્ટેન્ડઅપ ઇન્ડીયા, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પીએમ આવાસ યોજના, સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), અટલ મિશન ફોર રેજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત), પીએમ ભારતીય જનઔષધી પરિયોજના, ઉજાલા/ સૌભાગ્ય યોજના, ડીજીટલ પેમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર, ખેલો ઇન્ડીયા, આરસીએસઃ ઉડાન, વંદે ભારત ટ્રેન અને અમૃત ભારત સ્ટેશન યોજનાની પ્રચાર/પ્રસાર માટે સ્ટોલ રાખવામાં આવેલ છે જેનો પાત્રતા ધરાવનાર શહેરીજનોને વધુમાં વધુ લાભ લેવા અનુરોધ છે.

આજરોજ સાંજે ૦૪:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બીમાં હૈદરગંજ પ્રાથમિક શાળા, સચીન સટેશન રોડ સચીન ખાતે માન. અધ્યક્ષ લાઇટ અને ફાયર સમિતિ શ્રી ચિરાગકુમાર સોલંકીના વરદ્હસ્તે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. ડે. મ્યુ. કમિશનર શ્રીમતી મીનાબેન ગજ્જરે તેમના પ્રવચનમાં જણાવ્યું કે સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" નું આયોજન સમગ્ર ભારત દેશમાં કરવામાં આવેલ છે. આજે આ કાર્યક્રમના સ્થળે પીએમ સ્વનિધિ યોજના, પીએમ વિશ્વકર્મા યોજના, પીએમ ઉજ્જવલા યોજના, પીએમ આવાસ યોજના (અર્બન) સહિતના

વિવિધ યોજનાઓના સ્ટોલ મુકવામાં આવેલ છે. આ સ્ટોલની મુલાકાત લઇ પગલા ધરાવતા તમામ નાગરિકો સરકારશ્રીની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવી દેશને વિકસિત દેશ બનાવવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે માન. અધ્યક્ષ લાઇટ અને ફાયર સમિતિ શ્રી ચિરાગકુમાર સોલંકીએ જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો માન. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ધ્વારા ૧૫ નવેમ્બર ૨૦૨૩ થી શુભારંભ કરવામાં આવેલ છે તથા સુરત શહેરમાં આજરોજ ઉધના ઝોન-બીના કનકપુર ખાતે થી આ યાત્રાનો શુભારંભ કરવામાં આવેલ છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવા તેઓએ અપીલ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો ધ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાના લાભાર્થીઓને પ્રતિકાત્મક લાભ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઇ, માન. ડે. મેયર ર્ડા. નરેન્દ્રભાઇ પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન. શાસકપક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, માન. દંડક શ્રી ધર્મેશ વાણિયાવાળા, માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, પત્રકાર મિત્રો તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૩૯૬
તા.૨૮/૧૧/૨૦૨૩